For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

"દર વર્ષે પૂર નહીં, હવે કાયમી ઉકેલ જોઇએ" 50 હજારથી વધુ પરિવારોની સમસ્યા અંગે કલેક્ટરને આવેદનપત્ર

# 22 દિવસમાં 3 ખાડીપૂર

સુરતઃ પરવટ પાટિયા વિસ્તારના વોર્ડ નં. 18 અને 19 હેઠળ આવેલી વિવિધ સોસાયટીઓના પ્રમુખો, ઉપપ્રમુખો, હોદ્દેદારો, આગેવાનો અને રહેવાસીઓએ જિલ્લા કલેક્ટરને વિસ્તૃત આવેદનપત્ર આપી મીઠી ખાડીના કારણે વર્ષોથી સર્જાતી પૂર પરિસ્થિતિનો કાયમી અને વૈજ્ઞાનિક ઉકેલ લાવવાની માંગ કરી છે. સાથે જ તાજેતરના પૂરમાં નુકસાન પામેલા પરિવારો, વેપારીઓ અને ઉદ્યોગોને વાસ્તવિક નુકસાનના આધારે યોગ્ય વળતર ચૂકવવાની પણ માંગ કરવામાં આવી છે.

આવેદનપત્રમાં જણાવાયું છે કે છેલ્લા લગભગ 15 વર્ષથી મીઠી ખાડીના કારણે વિસ્તારમાં પૂર આવે છે, જ્યારે છેલ્લા 7થી 8 વર્ષથી દર ચોમાસે આ સમસ્યા નિયમિત બની ગઈ છે. માત્ર 4થી 5 ઇંચ વરસાદમાં જ હજારો પરિવારોના ઘરો તેમજ અનેક ઉદ્યોગોમાં 6થી 8 ફૂટ સુધી પાણી ઘૂસી જાય છે. ચાલુ વર્ષે માત્ર 22 દિવસના ગાળામાં ત્રણ વખત પૂર આવતાં સમગ્ર વિસ્તારનું જનજીવન ખોરવાઈ ગયું હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. આવેદનપત્રમાં જણાવ્યા મુજબ વર્ષ 2019-20 દરમિયાન તાપી શુદ્ધિકરણ યોજના હેઠળ વરાછા-વાલક પાટિયા વિસ્તારની ત્રણથી ચાર ખાડીઓનું પાણી મીઠી ખાડીમાં ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. જો આ હકીકત સાચી હોય તો શું તે માટે સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાની મંજૂરી લેવામાં આવી હતી કે નહીં અને જરૂરી પ્રક્રિયાનું પાલન થયું હતું કે નહીં તેની સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. રહેવાસીઓએ રજૂઆતમાં જણાવ્યું છે કે જો વધારાનું પાણી મીઠી ખાડીમાં છોડવામાં આવ્યું હોય તો તેની વહન ક્ષમતા વધારવા માટે જરૂરી પહોળાઈ,

...અનુસંધાન પાના 5 પર

## મીઠી ખાડી મુદ્દે ઉચ્ચસ્તરીય તપાસ અને વળતરની માંગ | વાલક પાટિયાની ખાડીઓનું પાણી મીઠી ખાડીમાં ડાયવર્ટ કરાયું હોવાનો આક્ષેપ | વાસ્તવિક નુકસાન મુજબ વળતર ચૂકવવાની રજૂઆત કરાઈ

### મીઠી ખાડીનું પાણી વધવાનું કારણ શોધવા પણ રજૂઆત

રજૂઆતમાં જણાવાયું છે કે મીઠી ખાડી બારડોલી તાલુકાથી શરૂ થઈ સુરત શહેરમાંથી પસાર થઈ અરબી સમુદ્ર સુધી પહોંચે છે. અગાઉ આ ખાડી કુદરતી નદી સમાન હતી, પરંતુ વર્ષો દરમિયાન થયેલા દબાણોના કારણે તેની પહોળાઈ અને પાણી વહન કરવાની ક્ષમતા ઘટી ગઈ હોવાનું જણાવાયું છે.


(તસવીર : સતીષ જાદવ)

### માત્ર દોઢ કિલોમીટર વિસ્તારમાં જ પૂર કેમ આવે છે?

આવેદનપત્રમાં મહત્વનો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે જો આ કુદરતી પૂર હોય તો માત્ર સાણિયા હેમાદ કુંભારીયાથી મિલેનિયમ-4 માર્કેટ સુધીના અંદાજે દોઢ કિલોમીટર વિસ્તારમાં જ ગંભીર પૂર કેમ આવે છે. જો મીઠી ખાડીમાં પાણીનું પ્રમાણ વધતું હોય તો બારડોલીથી ડુમ્મસ સુધીના તમામ વિસ્તારો સમાન રીતે અસરગ્રસ્ત થવા જોઈએ, પરંતુ એવું બનતું નથી. જેના પરથી પાણીના પ્રવાહમાં ક્યાંક ગંભીર અવરોધ હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સ્થાનિક લોકો વર્ષોથી પૂછતા હોવા છતાં કુંભારીયાથી ઝડપથી આવતું પાણી આગળ કેમ નથી જઈ શકતું તેનો જવાબ તંત્ર પાસે નથી હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.

### આવેદનપત્રમાં કલેક્ટર સમક્ષ સાત મુખ્ય માંગણીઓ રજૂ કરવામાં આવી છે

1. વાલક પાટિયાની ખાડીઓનું પાણી મીઠી ખાડીમાંથી તાપી નદી તરફ ફેરવવું,
2. સરકારી રેકોર્ડ મુજબ આશરે 90 મીટરની પહોળાઈમાં મીઠી ખાડીને મૂળ સ્વરૂપમાં પુનઃસ્થાપિત કરવી,
3. તમામ ગેરકાયદે દબાણો દૂર કરવા સમયબદ્ધ કાર્યવાહી કરવી,
4. સમગ્ર ખાડીનો સ્વતંત્ર ટેકનિકલ અભ્યાસ કરાવવો,
5. જિલ્લા વહીવટીતંત્ર, રાજ્ય સરકાર, મહાનગરપાલિકા અને સિંચાઈ વિભાગની સંયુક્ત - સમિતિ બનાવી કાયમી ઉકેલ માટે સમયમર્યાદા જાહેર કરવી,
6. તમામ પૂરગ્રસ્તોને વાસ્તવિક નુકસાન મુજબ વળતર ચૂકવવું
7. જિલ્લા કલેક્ટર સ્વયં સ્થળ મુલાકાત લઈ સ્થાનિકોની રજૂઆત સાંભળે

### ડ્રેજિંગ પાછળ કરોડોનો ખર્ચ છતાં સ્થિતિ યથાવત્

રજૂઆતમાં જણાવાયું છે કે દર વર્ષે મીઠી ખાડીના ડ્રેજિંગ પાછળ અંદાજે 15થી 20 કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે, છતાં દર ચોમાસે એ જ વિસ્તારમાં ફરી પૂર આવે છે. ખાડીના બંને કિનારાઓ હજુ પણ અનેક જગ્યાએ કાચા હોવાથી ધોવાણ ફરી ખાડીમાં જમા થાય છે અને માત્ર ડ્રેજિંગથી કાયમી ઉકેલ શક્ય નથી. તેથી નિષ્ણાત સંસ્થાઓ દ્વારા વૈજ્ઞાનિક અભ્યાસ કરી લાંબા ગાળાની યોજના અમલમાં મૂકવાની માંગ કરવામાં આવી છે.

### મિલેનિયમ-4 વિસ્તારમાં દબાણ દૂર કરવાની કાર્યવાહી અટકી હોવાનો દાવો

રહેવાસીઓએ જણાવ્યું છે કે વર્ષ 2022માં સ્થાનિક લોકપ્રતિનિધિઓની રજૂઆત બાદ સુરત મહાનગરપાલિકાની ટીમ અને JCB મિલેનિયમ-4 વિસ્તારમાં ડિમોલિશનની કાર્યવાહી કરવા પહોંચી હતી, પરંતુ અંતિમ ક્ષણે કાર્યવાહી અટકાવી દેવામાં આવી હતી. જો ગેરકાયદે દબાણોના કારણે હજારો પરિવારો દર વર્ષે પૂરનો ભોગ બનતા હોય તો તે દૂર કરવામાં વિલંબ કેમ થઈ રહ્યો છે તેવો પ્રશ્ન પણ ઉઠાવવામાં આવ્યો છે.

### પોલીસે પરવાનગીની નહીં માત્ર સોસાયટીના આગેવાનોએ રજૂઆત કરી

પરવટપાટિયા અને આસપાસની સોસાયટીઓ દ્વારા પરવટપાટિયાથી વનિતા વિશ્રામ સુધી બાઇક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે, જિલ્લા કલેક્ટર સુધી રેલીનાં આયોજનની પરવાનગી આપવાનો પોલીસ દ્વારા ઈન્કાર કરવામાં આવતાં સ્થાનિકોમાં

...અનુસંધાન પાના 5 પર

# CMA પરીક્ષામાં દેશના ટોપ-50માં સુરતના 16 વિદ્યાર્થી

**ફાઇનલમાં** 7 અને ઇન્ટરમીડિયેટમાં 9 વિદ્યાર્થીઓને ઓલ ઇન્ડિયા રેન્ક



સુરતઃ ધ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઇન્ડિયા દ્વારા જૂનમાં લેવાયેલી સીએમએ ઇન્ટરમીડિયેટ અને ફાઇનલ પરીક્ષાના પરિણામોમાં સુરતના વિદ્યાર્થીઓએ શાનદાર પ્રદર્શન કર્યું છે. શહેરના કુલ 16 વિદ્યાર્થીઓએ દેશની ટોપ-50 મેરિટ યાદીમાં સ્થાન મેળવી સુરત તેમજ સમગ્ર દક્ષિણ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. તેમાં ફાઇનલના 7 અને ઇન્ટરમીડિયેટના 9 વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે.

CMA સુરત દક્ષિણ ગુજરાત

...અનુસંધાન પાના 5 પર

### AIથી ડાઉટ્સ ક્લિયર કર્યા અને સતત મહેનતે અપાવી સફળતા : રોનક જૈન



CMA ઇન્ટર પરીક્ષામાં ઓલ ઇન્ડિયા પ્રથમ (AIR-1) રેન્ક મેળવનાર રોનક જૈનનું માનવું છે કે સફળતા કોઈ શોર્ટકટથી નહીં, પરંતુ નિયમિત મહેનત અને સતત અભ્યાસથી મળે છે. તેઓ CA અને CMA બંનેનો અભ્યાસ સાથે કરી રહ્યા છે. રોનકે જણાવ્યું કે તેમણે ક્યારેય અભ્યાસને કાલ પર ટાળ્યો નહીં. સમગ્ર તૈયારી ડિજિટલ રીતે

...અનુસંધાન પાના 5 પર

### CMA ફાઇનલ પરીક્ષામાં સુરતના 7 વિદ્યાર્થીઓએ AIR ટોપ 50 માં

1. ચોરાવાલા પ્રથમકુમાર (AIR 5)
2. નિશાંત શિવ પ્રકાશ કારવા(AIR 19)
3. ઝીલ શાહ (AIR 20)
4. મેહક જૈન(AIR 33)
5. કંહૈયા દિલીપ અગ્રવાલ (AIR 42)
6. પ્રિયાંશી મેહતા (AIR 44)
7. કવિશ અગ્રવાલ ( AIR 48)

### પરિણામ એક નજરે

- ઇન્ટર પરીક્ષાર્થી : 994
- બંને ગ્રુપ પાસ : 153
- સિંગલ ગ્રુપ પાસ : 162
- ઇન્ટર પરિણામ : 15%
- ફાઇનલ પરીક્ષાર્થી : 244
- બંને ગ્રુપ પાસ : 67
- સિંગલ ગ્રુપ પાસ : 47
- ફાઇનલ પરિણામ : 27%
- ઇન્ટરના ટોપ-50માં સુરતના 9 વિદ્યાર્થી
- ફાઇનલના ટોપ-50માં સુરતના 7 વિદ્યાર્થી

### CMA ઇન્ટરમિડીયેટ પરિણામમાં AIR ટોપ 50 માં

1. રોનક જૈનએ (AIR 1)
2. હર્ષ જૈન (AIR 4 )
3. પૂર્વંશ બાલદી (AIR 5)
4. દિયાકુમારી ખલાસી (AIR 7)
5. શુભમ અગ્રવાલ (AIR 12)
6. પાર્થ અગ્રવાલ (AIR 13)
7. સિખા પરમાની (AIR 20)
8. સંકેત સચિન રૂંગટા (AIR 30)
9. માનસ સંઘવી (AIR 36)

### સતત રિવિઝન, AIનો સ્માર્ટ ઉપયોગ સફળતાની ચાવી બન્યા : પ્રથમેશ ચોરાવાલા



પ્રથમેશ ચોરાવાલાએ જણાવ્યું હતું કે, સતત રિવિઝન, AIનો સ્માર્ટ ઉપયોગ અને આત્મવિશ્વાસ મારી સફળતાની ચાવી બન્યા છે તૈયારી દરમિયાન દરરોજનું લક્ષ્ય દરરોજ જ પૂર્ણ કરવાનો નિયમ રાખ્યો હતો અને રિવિઝન પર વિશેષ ભાર મૂક્યો હતો. અભ્યાસને વધુ અસરકારક બનાવવા માટે તેમણે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI)નો પણ ઉપયોગ કર્યો હતો. તૈયારી દરમિયાન જ્યારે પણ માનસિક થાક કે એકાગ્રતામાં ઘટાડો અનુભવાતો, ત્યારે તેઓ મંદિર જઈને મનને શાંત અને તાજું બનાવતા હતા. ઉપરાંત, પોતે તૈયાર કરેલી શોર્ટ નોટ્સ અંતિમ દિવસોમાં ઝડપી રિવિઝન માટે ખૂબ ઉપયોગી સાબિત થઈ હતી. ફાઇનલ જેવી

...અનુસંધાન પાના 5 પર

# પહેલા જ દિવસ દુબઇ જતી ઇન્ડિગોની ફ્લાઇટ ફૂલ

**અમેરિકા**-ઇઝરાયલના ઈરાન પર હુમલા બાદ સેવા સ્થગિત કરાઈ હતી

**સુરતથી** 189 પેસેન્જર ગયા અને દુબઈથી સુરત 166 મુસાફરો આવ્યા

સુરતઃ અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાઓ બાદ શરૂ થયેલા ખાડી યુદ્ધને કારણે ઇન્ડિગો એરલાઇને સુરત-દુબઈ વચ્ચેની સીધી આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ સેવા અસ્થાયી રીતે બંધ કરી હતી. હવે પરિસ્થિતિમાં સુધારો થતાં આજે 5 ઓગસ્ટ 2026 થી આ ફ્લાઇટ સેવા ફરી શરૂ કરવામાં આવી છે. સેવા પુનઃ શરૂ થતાં જ પ્રથમ દિવસે જ ઇન્ડિગોની 189 સીટર ફ્લાઇટ સંપૂર્ણપણે ભરાઈ ગઈ હતી.

મળતી માહિતી અનુસાર ફ્લાઇટમાં 186 નિયમિત મુસાફરો ઉપરાંત ત્રણ શિશુ (ઇન્ફન્ટ) સહિત કુલ 189 મુસાફરો દુબઈ માટે રવાના થયા હતા. જ્યારે સાંજે દુબઈથી સુરત આવેલી પરત ફ્લાઇટમાં 166 મુસાફરો સુરત પહોંચ્યા હતા.

ઇન્ડિગો દ્વારા સુરત-દુબઈ સેવા હાલમાં અઠવાડિયામાં ત્રણ દિવસ એટલે કે બુધવાર, ગુરુવાર અને શનિવારના રોજ સંચાલિત કરવામાં આવશે. સુરતથી ફ્લાઇટ સવારે 9:35 કલાકે ઉપડશે અને દુબઈથી પરત આવી સાંજે 5:30 કલાકે સુરત પહોંચશે.

છેલ્લા કેટલાક અઠવાડિયાથી સીધી ફ્લાઇટ બંધ હોવાથી મુસાફરોને અમદાવાદ, મુંબઈ અથવા અન્ય એરપોર્ટ મારફતે પ્રવાસ કરવો પડતો હતો, જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં વધારો થતો હતો.

# નકલી આધારકાર્ડ કૌભાંડના કેસમાં પૂર્વ ધારાસભ્ય ઝાલાવડીયા ખુદ ફરી ગયા!

**પૂર્વ** ધારાસભ્ય ઝાલાવડીયાની સાથે તત્કાલિન પીએ, અન્ય એક મહિલા સાક્ષી પણ ફરી ગયા

**સાક્ષીઓ** ફરી જવાને કારણે પુરતા પુરાવા નહીં મુકાતા તમામ આરોપીઓ નિર્દોષ છૂટી ગયા

સુરતઃ ધારાસભ્ય વીડી ઝાલાવાડીયાનો બોગસ સહી કરી સિક્કો મારી આધાર કાર્ડ બનાવવામાં ઉપયોગ કરી કૌભાંડ કેસમાં ધારાસભ્ય ઝાલાવાડિયા અને ફરિયાદી સહિતના ત્રણ સાક્ષી ફરી જતાં પુરાવાના અભાવે તમામ આરોપી છૂટી ગયા હતા.

આ કેસની વિગત એવી હતી કે, માર્ચ ૨૦૨૦મા આધાર કાર્ડ બનાવવા આવતા લોકો પાસેથી રૂ.૬૦૦ મેળવી ફોમ ભરી આપી જેમાં ધારાસભ્ય વી.ડી.ઝાલાવાડીયાના નામની ખોટી સહી તથા ખોટો સીક્કો મારી આધાર કાર્ડ સેન્ટર, પાલ, અડાજણ નીકચેરીમાં ખરા તરીકે રજૂ કરી ભારતીય દંડ સંદિહતા, ૧૮૬૦ ની કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૨, ૧૨૦(બી) મુજબની ફરિયાદ તા. ૧૪/૦૯/૨૦૨૦નાં રોજકતારગામ પોલીસ સ્ટેશને ધારાસભ્યના પીએ અંકિત જીતેન્દ્ર નાયકે નોંધાવી હતી. આ કેસમાં પોલીસે એજન્ટ મયુર રામજી ભાઈ મોરડીયા, પરાગ મુકેશભાઈ વાઘેલા, મીતેષ વિનુભાઈ સેલીયા, શહેઝાદ સલીમભાઈ દિવાન, મેહુલ શૈલેષભાઈ પટેલ, શુભમ સચીનભાઈ સોનકર, ઉત્તમ સાવલિયા વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની સુનાવણી ટ્રાયલ કોર્ટમાં ચાલી હતી.

ટ્રાયલ દરમિયાન ફરિયાદી અંકિત નાયકે અદાલતમાં નિવેદન આપતા જણાવ્યું હતું કે તેમણે માત્ર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પર સહી કરી હતી, પરંતુ ફરિયાદની વિગતો અંગે તેમને કોઈ જાણકારી નહોતી. તેમણે કોર્ટમાં સ્વીકાર્યું કે તેમણે ફરિયાદ વાંચી પણ નહોતી વધુમાં તેમણે ધારાસભ્યની

...અનુસંધાન પાના 5 પર

# સમિતી ચેરમેનની મહિલા કોર્પોરેટર અને તેના પતિ સાથે મારામારીનો વિવાદ વકર્યો

**હાથમાં** પાટાપિંડી સાથે મહિલા કોર્પોરેટર જયક્ષી વોરા અને તેના પતિ મનહર વોરાએ ચેરમેન મહેન્દ્ર દેસાઈ સામે અનેક આક્ષેપો કર્યા

**મામલો** પ્રદેશમાં પહોંચ્યો હોવા છતાં પણ કોઈ કાર્યવાહી હજુ સુધી કરાઈ નથી, આજે સુરત આવી રહેલા પ્રભારી પર સૌની નજર

સુરત : ધારાસભ્ય કાંતિભાઈ બલરની ઓફિસમાં ભાજપના જ



બે કોર્પોરેટર પક્ષો વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલી અને ધક્કામુક્કી હવે સમગ્ર રાજ્યમાં ચર્ચાનો વિષય બની ગઈ છે. આ વિવાદ બાદ મહિલા કોર્પોરેટર જયશ્રી વોરા અને તેના પતf મનહર વોરા હાથમાં પાટાપિંડી સાથે મીડિયા સમક્ષ આવ્યા છે અને

...અનુસંધાન પાના 5 પર

# વરસાદમાં 1,165 સ્થળે રસ્તા તૂટ્યા, 12.731 કિ.મી. રોડ ધોવાયા

**કરોડોનું** બજેટ છતાં પાપડની જેમ તૂટી જતા રસ્તા ઇજારદારો અને અધિકારીઓની મીલીભગત બતાવે છે

સુરતઃ શહેરમાં ચોમાસાના પહેલા રાઉન્ડમાં જ મહાનગરપાલિકાના વિકાસના દાવાઓની પોલ ખુલ્લી પડી ગઈ છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા અનેક નવા રસ્તાઓ પ્રથમ જ વરસાદમાં ધોવાઈ ગયા હતા. જ્યારે શહેરના વિવિધ વિસ્તારોમાં બ્રિજ અને મુખ્ય માર્ગો પર ભૂવા પડતાં સુરતીલાલાઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. તંત્ર ભલે વિકાસના મોટા દાવા કરે, પરંતુ વરસાદના થોડાક જ ઝાપટાં સામે રસ્તાઓ ટકી ન શકતાં હવે લોકો ખુલ્લેઆમ સવાલ ઉઠાવી રહ્યા છે કે આખરે આ વિકાસ કોના માટે અને કેટલા દિવસ માટે?

સુરત મહાનગરપાલિકાના પોતાના જ સત્તાવાર આંકડા તંત્રની કામગીરી પર ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. શહેરના કુલ 3,976.168 કિલોમીટર રોડ નેટવર્કમાંથી 12.731 કિલોમીટર રસ્તાઓ વરસાદમાં ક્ષતિગ્રસ્ત થયા, જ્યારે એકસાથે 1,165 સ્થળોએ રસ્તા તૂટી પડ્યા અને ખાડા-ભૂવા પડ્યા, શહેરમાં રસ્તાઓની આવી દયનીય હાલત સામે આવતાં લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ ડ્રેનેજ, પાણીની લાઈન, કેબલ અને અન્ય યુટિલિટી

...અનુસંધાન પાના 5 પર

### સમારકામ માટે 5940 મે.ટન હોટમિક્સ અને 19325 મે.ટન મટિરિયલ્સ વપરાયું

રસ્તાઓના સમારકામ માટે અત્યાર સુધીમાં 5,940.18 મેટ્રિક ટન હોટમિક્સ, 19,325.74 મેટ્રિક ટન GSB અને ફિલિંગ મટિરિયલ તેમજ જેટ પેચર ટેક્નોલોજી દ્વારા 1,013.03 ચોરસ મીટર વિસ્તારમાં પેચવર્ક કરવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. હાલમાં પણ 165થી વધુ ટેક્નિકલ સ્ટાફ, 650થી વધુ બેલદાર-ડ્રાઇવર અને 150થી વધુ મશીનરી સાથે બાકી રહેલા રસ્તાઓનું રિસર્ફેસિંગ ચાલી રહ્યું છે.

# વેડરોડની જય યોગેશ્વર ડેરીમાં છ મહિનાથી નકલી ઘી વેચાતું હતું

**ઝોન-3** LCB અને ચોકબજાર પોલીસે ભેળસેળિયા ડેરી સંચાલકની ધરપકડ કરી

**વનસ્પતિ** ઘી, સોયાબીન તેલ અને હળદર ભેળવી 'શુદ્ધ દેશી ઘી'ના નામે વેચવાનું કૌભાંડ

સુરત : વેડ રોડ પર આવેલી એક ડેરીમાં વનસ્પતિ ઘી, સોયાબીન તેલ અને હળદરનું મિશ્રણ કરી શુદ્ધ દેશી ઘીના નામે વેચવાના મોટા કૌભાંડનો ઝોન-૩ LCB સ્ક્વોડ અને ચોકબજાર પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે દરોડો પાડીને ડેરી સંચાલકની અટકાયત કરી રૂપિયા ૪૩,૫૩૫ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સુરત મહાનગરપાલિકાના ફૂડ સેફ્ટી વિભાગના રિપોર્ટમાં આ ઘી 'અસુરક્ષિત' (Unsafe Food) ઠરતાં આખરે આરોપી સામે કાયદેસરની ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ચોકબજાર પોલીસ અને ઝોન-૩ LCB ની ટીમને સંયુક્ત બાતમી મળી હતી કે વેડ રોડ સ્થિત કેશવપાર્ક સોસાયટીમાં આવેલી 'જય યોગેશ્વર ડેરી' નામની દુકાનમાં બનાવટી અને ભેળસેળયુક્ત ઘી બનાવવાની પ્રવૃત્તિ ચાલી રહી છે. જેના આધારે ત્યાં દરોડો પાડતાં ડેરીના માલિક રાજેશકુમાર જગદીશભાઈ પટેલ (ઉ.વ. ૪૨, મૂળ રહે. જસલપુર, તા. ચાણસ્મા, જિ. પાટણ/મહેસાણા) મળી આવ્યા હતા. પોલીસે દુકાનના પાછળના સ્ટોર રૂમમાં તપાસ કરતા ઘી બનાવવા માટેની સ્ટીલનું પીપ, વલોવવાનું મશીન, ગેસ સિલિન્ડર, ચુલો, વજનકાંટો, પતરાના ડબ્બા સીલ કરવાનું મશીન તથા વિમલ રિફાઈન્ડ કોટનસીડ ઓઈલ અને સુમુલ ઘીના પાઉચ મળી આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે તે છેલ્લા છ મહિનાથી વનસ્પતિ ઘી અને સોયાબીન તેલમાં ઘી જેવો પીળો રંગ લાવવા માટે હળદર ઉમેરી મશીન વડે વલોવીને બનાવટી ઘી તૈયાર કરતો હતો. આ ભેળસેળયુક્ત જથ્થાને

...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| ૧૦×૨ | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

તૃતીય પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



તારી છબી ક્યારેય ભુલાશે નહી સર્વ પ્રત્યે અખૂટ લાગણી સાથેનો પ્રેમાળ, દયાળુ, પરોપકારી સ્વભાવ ક્યારેય વિસરાશે નહી. તારું જીવન અમને સતત પ્રેરણા આપતું રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રભુને પ્રાર્થના.

સ્વ. બિનિતાબેન સંજયભાઈ સોરઠીયા
સ્વ. તા.૦૬-૦૮-૨૦૨૩

લી.
સંજયભાઈ રતિલાલ સોરઠીયા
પવન સંજયભાઈ સોરઠીયા
શિવાની યજ્ઞેશ સોરઠીયા
યજ્ઞેશ ચંદ્રકાંતભાઈ સોરઠીયા
શ્રેયા, વિઆન
તથા રતિલાલ મગનલાલ સોરઠીયા પરિવાર

૧૩ મી પુણ્યતીથી એ શ્રધ્ધાંજલી



રડી પડે છે, આંખો અમારી, તસ્વીર જોઈ તમારી
દરેક પ્રસંગે ખટકશે અમોને ખોટ તમારી
પળભરમાં છેતરી ગયા, ઈશ્વરને પુછીશું
તમારે ખજાને કયાં ખોટ પડી કે અમારે
જેની ખુબ જરૂર હતી તેની તમને શું જરૂર પડી ગઈ
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આર્પે એજ
અમારી હૃદય પૂર્વક શ્રધ્ધાંજલિ

સ્વ. લલિતાબેન
છીબાભાઈ આહિર
ગામ: પારડી-પાતા, તા.પલસાણા
સ્વ.તા. ૦૬.૦૮.૨૦૧૩

:: શોકાતુર ::
ભરતભાઈ છીબાભાઈ આહિર
મહેશભાઈ છીબાભાઈ આહિર
ભારતીબેન ભરતભાઈ આહિર
ભૂમિકાબેન મહેશભાઈ આહિર
અક્ષેશ, જેનીશ, જાનવી, રાજ

પૂજ્ય મમ્મી-પપ્પાને દ્વિતીય પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. રમણભાઇ જેરામભાઇ પટેલ
સ્વ. તા. ૦૬/૦૮/૨૦૨૪
સ્વ. મણીબેન રમણભાઇ પટેલ
સ્વ. તા. ૦૬/૦૮/૨૦૨૪

સુની થઈ ગઈ મનની દીવાલ, સુના થઈ ગયા ઘરના આંગણા,
સુનો થઈ ગયો આખો ઘર – પરિવાર,
આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પુકારે છે તમને,
તમારી યાદો જ્યારે પણ આવે ત્યારે મન મૂકીને રડાવે છે અમને,
અમો જીવીશું ત્યાં સુધી તમને હૃદયથી યાદ કરતા રહીશું,
પ્રભુ તમારા દિવંગત આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લિ.
શ્રી દિપકભાઈ રમણભાઈ પટેલ (પુત્ર)
શ્રી નૈલેશભાઈ રમણભાઈ પટેલ (પુત્ર)
શ્રી ચેતનભાઈ રમણભાઈ પટેલ (પુત્ર)
અ.સૌ અમીષાબેન દિપકભાઈ પટેલ (પુત્રવધુ)
અ.સૌ નિલીમાબેન નૈલેશભાઈ પટેલ (પુત્રવધુ)
ચિ. કલ્પન, ચિ. મેઘા, ચિ. ક્રિના, ચિ. મિલન